ભિલોડા,વિજયનગર,શામળાજી અને ચિઠોડા પંથકમાં આજથી દશામા વ્રતનો શુભારંભ

# દશામાની મૂર્તિ અને વ્રતની સામગ્રી ખરીદવા ભાવિક ભક્તો ઉમટ્યા



ભિલોડાતા. ૩૧

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા,વિજયનગર,શામળાજી અને ચિઠોડા પંથકમાં દશામા વ્રતનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે ભાવિક ભક્તોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે.દિવાસાના દિને હરીયાળી અમાસથી દશામા વ્રતનો શુભારંભ થશે બજારોમાં ઠેર-ઠેર દશામાની મુર્તી,પુજાપો ખરીદવા ભાવિક ભક્તોની મેદની જોવા મળી હતી.ભાવિક ભક્તો દશામા વ્રતની શ્રધ્ધાપુર્વક દસ દિવસ સુધી નકોરડા ઉપવાસ કે એકટાણું કરીને પણ વ્રત કરતા હોય છે.

માલપુરના જુના વિરણયા ગામે ગામથી શાળામાં જવાનો રસ્તો કાચો

# અભ્યાસ માટે બાળકો કાદવ-કીચડમાંથી પસાર થવા મજબુર





મોડાસા, તા. ૩૧

ગતિશીલ ગુજરાત મોડેલ ને દેશભરમાં તોડી મરોડી ને રજુ કરવામાં આવે છે ગતિશીલ ગુજરાતની વાતો કરતા નેતાઓ થાકતા નથી અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ગુજરાતના વિકાસની ગુલબાંગો હાંકતા નેતાઓએ એકવાર ડોકિયું કરવાની જરૂર છે અનેક ગ્રામ્ય વિસ્તારો પ્રાથમિક સુવિધા થી આઝાદીના ૭૨ વર્ષ પછી પણ જોજનો દૂર છે માલપુર તાલુકાના જુના વિરણયા ગામ થી પ્રાથમિક શાળામાં જવાનો કાચો રસ્તો હોવાથી બાળકો કાદવ-કીચડ માંથી પસાર થવું પડતું હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

માલપુર તાલુકાના જુના વિરણયા ગામે ગામ થી ૭૦૦ મીટર દૂર આવેલી પ્રાથમિક શાળામાં જવા માટે પાકો રસ્તો ન હોવાથી શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ રોડ બનાવોની માંગ કરતા બાળકોનો વિડીયો બનાવી વાઈરલ કર્યો હતો બાળકો "રોડ બનાવો" "રોડ બનાવો" અને "રોડ બનાવો તો શાળાએ દરરોજ આવીએ" ના નારા લગાવ્યા હતા.

જુના વિરણયા ગામના જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર, ચૂંટણી ટાણે મત માંગવા માટે આવતા નેતાઓ સમક્ષ અનેક વાર પ્રાથમિક શાળા થી ગામના રોડ સુધી રોડ બનાવવા રજુઆત કરતા રોડ બનાવી આપવાની બાંહેધરી આપ્યા પછી જીત મેળવતા ગામ તરફ પુઠ પણ ફેરવતા ન હોવાથી નેતાઓના ઠાલા વચનો થી ગ્રામજનોને ભરોષો રહ્યો નથી.

જુના વિરણયા પ્રાથિમક શાળામાં અભ્યાસ અર્થે જતા બાળકો કાચા રસ્તા પર પાણી ભરાઈ રહેતું હોવાથી કાદવ-કીચડ માંથી પસાર થવા મજબુર બનવું પડે છે કપડાં પણ બગડી જતા હોવાથી બાળકો બીમારીમાં સપડાય છે ચોમાસામાં કાદવ-કીચડ માંથી દરરોજ પસાર થવું પડતા ચામડીના રોગ નો ભોગ પણ અનેકવાર બની ચુક્યા હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું પાકા રસ્તાની માંગ નહિ સ્વીકારાય તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

# વરસાદનો લાભ લઈ ટ્રકમાં પ્લાસ્ટિક દાણાની આડમાં ઘુસાડાતો ૧૬.૭૪ લાખનો દારૂ ઝડપાયો : ૨ શખ્શોની ધરપકડ





શામળાજી, તા. ૩૧

અરવલ્લી જીલ્લામાં બે દિવસથી ભારે થી અતિભારે વરસાદની આગાહી વચ્ચે ગત રાત્રીએ વરસાદી ઝાપટા અને ઝરમર-ઝરમર વરસાદ પડતા બુટલેગરો બે દિવસથી વરસતા વરસાદમાં પોલીસને ચકમો આપી.

રતનપુર ચેકપોસ્ટ પરથી વિદેશી દારૂ ઘુસાડવા સક્રિય બનતા શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક વરસાદમાં પણ રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતા બે જુદા-જુદા વાહનો માંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું

શામળાજી પીએસઆઈ.એસ.એ. શર્મા અને તેમની ટીમે મંગળવારે રાત્રીના સુમારે વેણપુર ગામ નજીક રાજસ્થાન તરફથી પ્લાસ્ટિકના દાણા ભરેલ કોથળાઓની આડમાં સંતાડેલો રૂ.૧૬.૭૪ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ૨ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

રતનપુર ચેકપોસ્ટ નજીક વેણપુર ગામની સીમ માંથી પસાર થતી ટ્રકને નાકાબંધી કરી અટકાવી ટ્રક (ગાડી. HR-39-C-6790) માં તલાસી લેતા ટ્રકમાં પ્લાસ્ટિકના દાણાના કોથળા ભરેલા હટાવતા તેની પાછળ સંતાડેલ વિદેશી દારૂની અધધ ૪૬૫ મળી આવી હતી જેમાં વિદેશી દારૂની બોટલ નંગ-૫૫૮૦ કીં.રૂ.૧૬૭૪૦૦૦/- નો જથ્થો જપ્ત કરી ૧) નશરૂદિન શેરખાન જાતે મેવ અને ૨) સુખવીરપાલ ફુલચંદ ગઢેરીયા (બંને,રહે હરિયાણા) ની ધરપકડ કરી ટ્રક,પ્લાસ્ટિક દાણા ભરેલા ૫૦૦ કોથળા અને મોબાઈલ નંગ-૩ મળી કુલ રૂ.૩૫૭૫૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

### મેઘરજ પોલીસે ઈકો કારમાંથી ૩૦ હજારના વિદેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડ કરી

મેઘરજ પી.એસ.આઈ પી.ડી.રાઠોડ અને તેમની ટીમે બેલ્યો ગામની નજીકથી ગાબટના હરેન્દ્રસિંહ હિંમતસિંહ ઝાલા ઈકો કારમાં વિદેશી દારૂ કીં.રૂ.૩૦૬૦૦/- સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ સહીત ઈકો કાર કીં.રૂ.૩૦૦૦૦૦/- મળી કુલ.રૂ.૩૩૦૬૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## પ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ વાળા પ્રવિણચંદ્ર પંડ્યાનું અવસાન

વિસનગર, તા. ૩૧

વિસનગર તાલુકાના ઉમતા ગામના વતની અને વિસનગરમાં જયોતિ હોસ્પિટલની સામે વર્ષોથી પ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ ધરાવતા પ્રવિમચંદ્ર નારાયણદાસ પંડ્યાનું ગત શુક્રવારના રોજ ટૂંકી બિમારી બાદ જૈફ વયે અવસાન થયું હતું.

સ્વર્ગસ્થ માયાળુ, પરોપકારી અને સરળ સ્વભાવના પરિવારના મોભી હતા. જેમના અવસાનથી તેમના પરિવાર તથા ઉમતાના પંડ્યા પરિવારમાં કયારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી છે.

સ્વર્ગસ્થ તેમની પાછળ બહોળો પરિવાર વિલાપ કરતા મુકી ગયા છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે તેવી પ્રચાર સાપ્તાહિક પરિવારની પ્રાર્થના. સદ્‌ગતનું બેસણું તા. ૦૪-૦૮-૨૦૧૯ને રવિવારના રોજ સમય સવારે ૮.૦૦ કલાકથી બપોરે ૧.૦૦ કલાક સુધી તેમના નિવાસસ્થાને બ્રાહ્મણ ચકલા વાડી, ઉમતા મુકામે રાખવામાં આવ્યું છે.

# મોડાસા જી.આઈ.ડી.સીમાં બેકવેલ બિસ્કિટ નામની ફેકટરીમાં ભીષણ આગ





મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મોડાસા જીઆઈડીસીની બિસ્કિટ બનાવતી ફેકટરીમાં મોડી રાત્રે ભીષણ આગ લાગવાની ઘટના ઘટતા મશિનરી બળીને ખાક થઈ ગઈ છે. આગની ઘટના મંગળવારે રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે, મોડાસા શહેરની જીઆઈડીસીમાં આવેલી બેકવેલ બિસ્કિટ નામની ફેકટરીમાં બની હતી. આદની ઘટનાને પગલે ફેકટરીમાં રહેલી મોટા ભાગની મશિનરી બાળીને ખાખ થઈ ગઈ હતી. બેકવેલ ફેકટરીમાં ૪૦૦ થી વધુ કર્મચારીઓ અને કામદારો ફરજ બજાવતા હોય છે સદનસીબે રાત્રીના સુમારે અગમ્ય કારણોસર આગ લાગતા જાનહાની ટળી હતી. આગની ઘટના અંગે જાણ થતાં મોડાસા નગર પાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવા ભારે જહેમત ઉઠાવી હતી. જોકે આગે વિકરાળ સ્વરૂપ ધરણ કરતા હિંમતનગર તેમજ ઈડરનું ફાયર ફાઈટર બોલાવવાની ફરજ પડી હતી. પાંચ ફાયર ફાઈટરની ટીમએ ભરે જહેમત ઉઠાવી આગ પર કાબૂ મેળવ્યો હતો જો કે વહેલી સવારે પણ ફેકટરીના કેટલાક ભાગમાં આગ પ્રસરેલી જોવા મળી હતી, જેના પર કાબૂ મેળવવા ફાયરકર્મીઓ દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે.

મોડાસા નગરપાલિકાનું ફાયર ફાયટર એક બાજુ ભીષણ આગ લાગી હતી અને ખોટકાઈ પડતા બેકવેલ ફેકટરીમાં લાગેલ આગ ઠારવામાં કામ ન લાગતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

પવિત્ર પાવન શ્રાવણ માસનો શુભારંભ

# શિવાલયોમાં ૐ નમઃ શિવાય, બમબમ ભોલે અને હર હર મહાદેવ...નો નાદ ગુંજશે

ભિલોડા તા.૩૧

ભારતીય સંસ્કૃતિમાં વ્રત,ઉપવાસ,આરાધના માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પવિત્ર પાવન શ્રાવણ માસનું મહત્વ સૌથી વધુ હોય છે.દેવાધિદેવ ભોળા શિવ શંકર ભગવાનની ઉપાસનાનું પર્વ ભક્તિભાવપુર્વક ઉલ્લાસથી ઉજવવા શ્રધ્ધાળુ ભક્તો થનગની રહ્યા હતા.આજથી પવિત્ર પાવન શ્રાવણ માસના શુભારંભથી અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શિવાલયોમાં ૐ નમઃ શિવાય,બમબમ ભોલેનો નાદ ગુંજી ઉઠશે શ્રાવણ માસ દરમ્યાન તહેવારો આવતા હોવાથી શ્રધ્ધાળુ ભક્તોની ભક્તિમાં ઔર વધારો થાય છે.ભક્તિની ભાવના પણ વધુ પ્રબળ બનતી હોય છે.શિવાલયોમાં ત્રણ પ્રહરની પુજાઓ ચાલતી હોવાને કારણે અનેરો ધાર્મિક માહોલ સર્જાતો હોય છે.શિવજીની ઉપાસના માટે પવિત્ર પાવન શ્રાવણ માસને હિન્દુ સંસ્કૃતિમાં ઉત્તમ ગણવામાં આવે છે.શિવ ભક્તોમાં ભારે આનંદ,ઉત્સાહ જોવા મળે છે.ઉપાસના માટે બીલીપત્ર,ગાયનું દુધ,ધતુરાનું ફુલ,અભિષેક કરી યજમાનોના સતકર્મો માટે ભુદેવોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.એક માસ સુધી બીલીપત્રો મળી રહે તે માટે યોગ્ય વ્યવસ્થા ભક્તોએ કરી છે.શ્રાવણ માસ એટલે આરાધના અને ઉપાસનાની સાથે-સાથે



ભાતિગળ લોકમેળાનું આયોજન થાય છે.ભાતીગળ સંસ્કૃતિના દર્શન લોકમેળાઓમાં જોવા મળે છે.

ભિલોડા તાલુકાના જુના ભવનાથ સ્વયંભુ ભુવનેશ્વર મહાદેવ મંદીર,વિજયનગર તાલુકાના વિરેશ્વર-શારણેશ્વર મહાદેવ મંદીર,ઈડર તાલુકાના કણ્યાથ મહાદેવ મંદીર, સપ્તેશ્વર મહાદેવ મંદિર,જાદરના મુધણેશ્વર મહાદેવ, હિંમતનગરના ભોલેશ્વર મહાદેવ મંદીર સહિત બેરણાના શિવ મંદીર,માલપુર તાલુકાના શુલપાણેશ્વર મહાદેવ મંદીર, બાયડના વૈજનાથ મહાદેવ, સોમનાથ મહાદેવ, ધનસુરાના કપીલેશ્વર મહાદેવ મંદીર સહિત હજ્જારો શિવાલયોમાં આજે શ્રાવણ માસના પ્રારંભ સાથે વહેલી પરોઢથી શિવાલયોમાં ભક્તો શિવ મંદીરમાં આરતીમાં ભાગ લઈ શિવલીંગ ઉપર બીલીપત્ર,દુધ ચઢાવી ભોળા શિવ શંકર ભગવાન,શિવ આષુતોષના આશિર્વાદ મેળવવા પ્રયાસો કરશે જ્યારે શ્રાવણ માસમાં ભગવાન ભોળાનાથના અનોક ભક્તો નકોરડા ઉપવાસ કરવાની સાથે-સાથે દાઢીધારી બની જશે અને શિવાલયોમાં ૐ નામઃ શિવાય,બમબમ ભોલે અને હર હર મહાદેવનો નાદથી ગુંજી ઉઠશે તેમ શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ જણાવ્યું હતું.

# પ્રાંતિજના રામપુર-વાઘપુર પ્રા.શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ

### જીલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી મિતાબેન ગઢવી ઉપસ્થિત રહ્યાં : શાળા સંકુલમાં જિલ્લા શિક્ષણાઅધિકારી તથા બાળકોએ વુક્ષારોપણ કર્યું : શાળા સંકુલમાં ૧૨૫ આયોવેદિક વુક્ષો નું વુક્ષારોપણ કરવામાં આવ્યું હતું






પ્રાંતિજ તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના રામપુર-વાધપુર પ્રાથમિક શાળા ખાતે શિક્ષણ વિભાગ દ્વારા એક બાળક એક ઝાડ અભિયાન અંતર ગત વુક્ષારોપણ કાર્યક્રમ યોજાયો જેમાં શાળા સંકુલમાં ૧૨૫ આયોવેદિક સહિતના વુક્ષોનું વુક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

રામપુર-વાધપુર પ્રાથમિક શાળા ખાતે એક બાળક એક વુક્ષ અભિયાન અંતર્ગત જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી મિતાબેન ગઢવી ના હસ્તે વુક્ષારોપણ કરી શિક્ષણ વિભાગ ના અભિયાન ને શરૂઆત કરવામાં આવી હતી તો તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી ટી.કે.વાઘેલા એ પણ વુક્ષારોપણ કર્યુ હતુ જયારે રામપુર-વાધપુર પ્રાથમિક શાળા સંકુલમાં આયોવેદિક સહિતના ૧૨૫ જેટલા વુક્ષોનું વુક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી મિતાબેન ગઢવી એ બાળકો ને વુક્ષો વિષે પ્રશ્નો પુછયા હતાં અને બાળકો ને વુક્ષો વિષે વિસ્તૃત માહિતગાર કર્યા હતાં અને વુક્ષો જીવનમાં જન્મ થી લઈને મૃત્યુ સુધી કેવી રીતે ઉપયોગી છે તે વિષે વિસ્તૃત જાણકારી આપી હતી તો મિતાબેન ગઢવી દ્વારા શાળા માં આવેલ પક્ષીઓ માટે ના ચબુતરા માં પક્ષીઓ માટે ચણ પણ ચબુતરા માં નાખ્યું હતું અને પક્ષી ઓને પીવા માટે પાણી પણ કુંડા માં ભર્યુ હતું તો આ પ્રસંગે પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી ટી.કે.વાઘેલા, સરપંચ મહેન્દ્ર સિંહ રાઠોડ, ડેપ્યુટી સરપંચ જાલમસિંહ રાઠોડ, SMC સભ્ય દેલુસિંહ રાઠોડ, ગામ આગેવાન મોતીસિંહ રાઠોડ, શાળા ના આચાર્ય પટેલ શૈલેષકુમાર નરસિંહભાઈ તથા શાળા સ્ટાફ તથા SMC સભ્યો સહિત વાલીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

બામણવાડમાં વરઘોડા મામલે

# અસામાજિક તત્વોના હુમલાનો ભોગ બનેલ અનુ.જાતિના યુવકે આત્મહત્યા કરી

મોડાસા, તા. ૩૧

મોડાસા તાલુકાના બામણવાડ ગામે ૧૬ મેં ના રોજ અનુ.જાતિ યુવક ચિરાગ ડાહ્યાભાઈ પરમારનો વરઘોડો ગામમાં વાજતે-ગાજતે નીકળ્યો હતો આ વાત ગામના કેટલાક અસામાજિક તત્વોને હજમ ન થતા તેની અંગત અદાવત રાખી આર્મી માં ફરજ બજાવતા ૩ જવાનોએ અન્ય શખ્શો સાથે વરરાજાના પિતરાઈ ભાઈ રાકેશ વિનોદભાઈ પરમારને ફોન કરી ગામના તળાવ નજીક બોલાવી ગડદાપાટુ અને લાકડી વડે હુમલો કરતા યુવક જીવ બચાવી ઘરે દોડી આવતા પરિવારજનોએ સારવાર અર્થે દવાખાને ખસેડી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

આ ઘટના પછી રાકેશ વિનોદભાઈ પરમાર નામનો યુવક સતત માનસિક તણાવમાં રહેતો હતો અને હતાશામાં ગરકાવ થઈ જતા મોટે ભાગે ઘરમાં જ પુરાઈ રહેતો હોવાથી યુવકે માનસિક ત્રાસને લઈને આત્મહત્યા કરી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પી.એમ માટે મોડાસા સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા તાલુકાના બામણવાડ ગામે રહેતા અનુસૂચિત જાતિ સમાજના યુવકે આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી છે. પરિવારજનોનો આક્ષેપ છે કે, મૃતક યુવાન છેલ્લા કેટલાય સમયથી માનસિક રીતે હતાશ હતો, અને તેને કારણે આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું છે. મહત્વનું છે કે, મૃતક યુવક પર વરઘોડો કાઢવાને લઈને ગામના જ કેટલાક યુવકો દ્વારા બે મહિના પહેલા હુમલો કરાયો હતો, જેને લઈને મૃતક માનસિક રીતે ત્રસ્ત હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. એટલું જ નહીં ગામના કેટલાક લોકો મૃતક યુવાનને ધાક-ધમકીઓ પણ આપતા હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. ઉલ્લેખનિય છે કે, મોડાસા તાલુકાના બામણવાડ ગામે ૧૬ મેં ના રોજ અનુ.જાતિ યુવક ચિરાગ ડાહ્યાભાઈ પરમારનો વરઘોડો ગામમાં વાજતે-ગાજતે નીકળ્યો હતો આ વાત ગામના કેટલાક અસામાજિક તત્વોને હજમ ન થતા તેની અંગત અદાવત રાખી કેટલાક શખ્શોએ વરરાજાના પિતરાઈ ભાઈ રાકેશ વિનોદભાઈ પરમાર પર લાકડી વડે હુમલો કર્યો હતો. યુવક જીવ બચાવી ઘરે દોડી આવતા પરિવારજનોએ સારવાર અર્થે દવાખાને ખસેડી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જે-તે સમયે ૬ વ્યક્તિઓના નામ જોગ સહિત પંદર લોકોના ટોળા વિરૂદ્ધ એટ્રોસ્ટી એક્ટ મુજબ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હવે યુવકે જીવન ટૂંકાવતા મામલો વધુ બિચક્યો છે, અને યોગ્ય તપાસ કરવાની માંગ કરી છે.